Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૭ • તા. ૦૬ જુલાઈ થી ૧૨ જુલાઈ ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## ષષ્ટીપૂર્તિ શુભકામના

### શ્રી ચંદ્રસેન હિરાચંદ મોમાયા (સી.એમ) વરાડીયા - ઘાટકોપર



ષષ્ટીપૂર્તિ નિમિત્તે કેક કાપી રહેલા ચંદ્રસેન મોમાયા સાથે જયંત છેડા, ઍડ. હર્ષદ દેસાઈ, ભરત પીર, કુલીન લોડાયા



**તા.૧૪**
**જુન ૧૯૫૫**



*કલમ તમારો પ્રાણ,*
*કલમ તમારી ઓળખાણ,*
*જનમત કેળવવાને સમર્પિત ક્ષણે ક્ષણ,*
*સમાજ વખોડે કે કરે વખાણ*
*આવો જ આશાવાદ રહે હંમેશા*
*નિરાશાથી સદા રહો અજાણ*

ક્રાંતિકારી વિચારધારા સાથે ચાર દાયકા ધ્યેયપૂર્ણ પત્રકારત્વનું ખેડાણ કરવું. વિરલ ઘટના છે. માત્ર કચ્છી દશા ઓસવાળ જ નહીં કચ્છ અને વાગડ વીસા ઓસવાળ સમાજ માટે સમયોચિત જનમત કેળવવા આપે લીધેલી જહેમત અતુલ્ય છે. ગુર્જરમાત અને વોઈસ ઓફ ઘાટકોપર નિમિત્તે આપની વિચાર સ્મૃદ્ધિ અને સચોટ નિરીક્ષણ શક્તિ અને સશક્ત રજૂઆતનો લાભ મળ્યો એ અમારું ધનભાગ્ય છે.

**ગુર્જરમાત પરિવાર – વોઈસ ઓફ ઘાટકોપર પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિ

# શ્રધ્ધાંજલિ



**ભારતીબેન હંસ ખીમજી**

કચ્છ તેરા - મુંબઈ માટુંગા

જન્મ : ૧૨-૧૧-૧૯૪૨

દેહવિલય : ૪-૭-૨૦૧૪

દ્રષ્ટિમાં રમે છે, હજી હસતો તમારો ચહેરો
આપનો પ્રેમાળ, માયાળુ લાગણીસભર સ્વભાવ
આપના જીવનની સાદાઈ સચ્ચાઈ
આપની સમાજ સેવા તથા સમર્પણ
ની સુગંધ સદાય મહેકતી રહેશે
તમારા કર્મયોગી આત્માને કોટિ કોટિ વંદન...

આપની યાદમાં :

**ભવાનજી પાસવીર નાગડા પરિવાર**
નલીયા - મુંબઈ

**માતુશ્રી પ્રેમીલાબેન કિશોરચંદ ખોના પરિવાર**
નલીયા - બેલારી

## અભિનંદન - ગામ - દલતુંગી - અભિનંદન



**Dr. કુ. ઊર્જા સંજય મણીલાલ ડાઘા**

(ગોરેગામ-હાલ-U.S.A)

Master of Science in Physical Therapy
From MGH Institute - Boston (U.S.A)

દિકરી એ વ્હાલનો દરિયો,
અવનીનું અમૃત કહેવાય...
જોઈને તારી સફળતા,
અભિનંદન અંતરથી અપાય!

**માતુશ્રી વિજયાબેન મણીલાલ ત્રિકમજી ડાઘા**
પરિવારની આન-માન-શાન

સફળતા ચમકે સદા તારા મસ્તકે,
એ છે અમ દિલના અરમાન...
થાય મસ્તક અમારુ ગૌરવથી ઊંચુ,
જ્યારે લે કોઈ તારું નામ...
સિધ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય,
જ્ઞાનની ગંગા, પ્રેમની યમુના,
સંસ્કારની સરસ્વતી...
વડીલો તેમજ ગુરૂજનોના
આશીર્વાદથી
**કુ. ઊર્જા** નું હીર સદાય ઝળહળતું રહે
અને જીવનમાં દરેક ક્ષેત્રે
ખંત અને પુરુષાર્થથી આગળ વધે તેવી
આત્મીય ભાવના સહ આશીર્વાદ...

દાદા-દાદી : વિજયાબેન મણીલાલ ત્રિકમજી ડાઘા
દાદી સમાન : સોનબાઈ ત્રિકમજી ડાઘા
નાના-નાની : મોંઘીબેન મોતીલાલ ગડા (લાકડીયા - ગોરેગામ)
માતા-પિતા : ચેતના સંજય ડાઘા
કાકા-કાકી : દીપા-નીકુંજ, મનોજ-ચાંદની
ફઈ-ફુઆ : પારુલ - પંકજ દંડ
ભાઈ-બહેન : જય, સિધ્ધાર્થ, ઝલક, રોનક, ભાવેશ, નિધિ

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 27/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


**તંત્રી સમીપે**

# વર્તમાન પરિસ્થિતિમાં જ્ઞાતિ સંમેલન સાર્થક થશે?

ગત સોમવાર, ૨૯ જુનના મુંબઈ મહાજનની અસાધારણ સામાન્ય સભાએ, સમસ્ત મહાજને જ્ઞાતિ મહાજનોને આગામી ડીસેમ્બરમાં જ્ઞાતિ સંમેલનના યજમાન થવા આમંત્રણ આપેલ તેના અનુસંધાનમાં સમસ્ત મહાજન આ સંમેલન બોલાવવા બાબતે શું નક્કર કાર્યક્રમ કે કાર્યસૂચિ ધરાવે છે તેની વિગતો મેળવ્યા પછી જ આ યજમાનપદ બાબતે વિચારણા કરી શકાય તે પ્રકારનો નિર્ણય લીધો છે તે સર્વથા ઉચિત છે.

વર્તમાન વ્યવસ્થાપક સમિતિએ કાર્યભાર સંભાળ્યો તેને ત્રણેક મહીના થયા છે, પરંતુ સભા બોલાવવાના એજન્ડાની વિગતો વિગેરે કાર્યવાહી કરવામાં પર્યાપ્ત સંભાળ રાખવી જોઈએ પણ તેમ નથી થયું તે બાબતે અધિકારીઓ હવે પછી યોગ્ય ધ્યાન આપે તે ખૂબ જ જરૂરી છે.

''જ્ઞાતિ સંમેલન મુંબઈમાં યોજવાની બાબત'' આ મતલબની સભાની કાર્યસૂચિનોજે રીતે SMS નોટીસમાં ઉલ્લેખ કરવામાં આવેલ તે બાબત જ એક પ્રકારની ગંભીર ત્રુટિ દર્શાવે છે. મહાજન કે કોઈ પણ ટ્રસ્ટ કે સંસ્થાની સભાના એજન્ડા અને મિનિટસની નોંધોમાં શબ્દોલ્લેખ, શબ્દ પ્રયોગ અને વાક્ય રચનાઓ વિષે પૂરતું ધ્યાન ન અપાય તો ઘણા અનર્થ સર્જાય છે અને ટ્રસ્ટીઓ અને અધિકારી વર્ગને તેને લીધે ગંભીર પરિણામો ભોગવવા પડે છે અને તેથી પણ વિશેષ તો સંસ્થાને અને તેની સંચાલન પ્રક્રિયાને પણ નુકસાન પહોંચે છે તે સૌના અનુભવની વાત છે.

મહાજનની ઉપરોક્ત સભામાં સમસ્ત મહાજને આ સંમેલન બોલાવવા અંગે ક્યા ચોક્કસ મુદ્દાઓ પર ભાર મૂક્યો છે તેવા પ્રશ્નનો સભાને પ્રતીતિજનક ખુલાસો કેમ ના મળ્યો તેથી આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે.

અલબત્ત, એ સૂચક હતું કે સભામાં મહાજનના તાજેતરના ભૂતપૂર્વ અધિકારીઓ અને વ્યવસ્થાપક સમિતિના બહુસંખ્ય સભ્યો ઉપસ્થિત હતા અને ખાસ કરીને તેમણે આ પ્રકારના મૂળભૂત અને મહત્વના પ્રશ્નો ઉઠાવ્યા તેના ભલે જે કોઈ સૂચિતાર્થો હોય પણ તે પ્રશ્નો ખરેખર અર્થપૂર્ણ હતા તેનો ઈન્કાર કરી શકાય તેમ નથી.

જ્ઞાતિ સંમેલન બોલાવવા માટે સમસ્ત મહાજનના સંબંધિત અધિકારી વર્ગ પાસે કોઈ ચોક્કસ નક્કર કાર્યસૂચિ કે કાર્યક્રમ નથી તે આ પહેલાં પણ સ્પષ્ટ થઈ ગયું છે. બીજું કાંઈ નહીં તો પણ કથિત નાની ન્યાત અને મુખ્ય જ્ઞાતિના એકીકરણને વિધિવત માન્યતા આપવા સંમેલન બોલાવવાની આવશ્યકતા છે તે પ્રકારની રજુઆત કરીને સમસ્ત મહાજનના સંચાલકોએ પોતાની પાસે કોઈ નક્કર કાર્યસૂચિ નથી તેની સાબિતી આપી દીધી જ છે અને તેવી કોઈ એકાદ-બે નક્કર બાબતો હોય તો પણ તે બાબતે સંમેલન પહેલાં ત્રણેક મહીના દરમ્યાન જ્ઞાતિના અભિપ્રાય - મંતવ્ય મેળવવા તેમજ જનમત કેળવવા જેવી પર્યાપ્ત પૂર્વતૈયારી કરવાની નિશ્ચયાત્મકતાનો પણ કોઈ સંકેત સુદ્ધા તેઓ હજી સુધી આપી શક્યા નથી, તે પણ દીવા જેવું સ્પષ્ટ છે.

જ્યાં સુધી બંને જ્ઞાતિઓના એકીકરણને વિધિસરની માન્યતા આપવાનો મુદ્દો છે તે, છેલ્લા દશેક વર્ષથી બંને જ્ઞાતિઓ જે રીતે એકરૂપ બની ગઈ છે અને તેમાં પણ

મુંબઈ મહાજનની બબ્બે ચૂંટણીઓ યોજાઈ ગઈ છે તે હકીકતોને પણ બાજુએ મૂકીએ તો, સમસ્ત મહાજનની મહાસમિતિની એક ખાસ સભા, તે અંગે બોલાવી ઉપયુક્ત ઠરાવ પસાર કરી શકાય છે, તે માટે સંમેલન બોલાવવાની ખર્ચાળ ઔપચારિકતા નિભાવવાની બિલકુલ જરૂર નથી.

સમસ્ત મહાજનના સંચાલકો વળી એ રીતે પણ સંતોષ માનતા આવ્યા છે કે અમે તો જ્ઞાતિજનો અને મહાજનો પાસેથી સંમેલનમાં મૂકવા લાયક ઠરાવો અને કાર્યસૂચિઓનાં સૂચનો માટે જાહેર અપીલો પણ કરીએ છીએ તેથી એ જે ઠરાવોના મુસદ્દાઓ અમને મળશે તે સંમેલન સમક્ષ વિચારણાર્થે મૂકાશે એટલે સંમેલન બોલાવાશે તો આપોઆપ કોઈ ને કોઈ નક્કર પરિપાક બહાર આવશે એ રીતે પણ સંમેલન બોલાવવાની જરૂર છે. પરંતુ આવો સંતોષ ઠાલો અને ઠગારો જ છે. સમસ્ત મહાજનના ટ્રસ્ટીગણ પાસે કોઈ મૌલિક અને જ્ઞાતિને નવી દિશા આપતો નક્કર ઠરાવ ન હોય ત્યા સુધી જ્ઞાતિજનો પાસેથી અપેક્ષા સેવી ઠરાવો પર વિચારણા કરવા સંમેલન બોલાવવું એ નરી બાલિશતા છે.

વર્ષ ૧૯૯૧ ના જ્ઞાતિ સંમેલનમાં પસાર થયેલા ઠરાવો, જે હકીકતમાં રાબેતા મુજબના અને કોઈ ઠોસ દિશાસૂચન વિનાના હતા, તેમને નોંધપોથીમાં કેદ કર્યા પછી સત્તર-અઢાર વર્ષ સુધી સમસ્ત મહાજન જે રીતે નિષ્ક્રિય રહ્યું અને તે પછીયે હજી પણ જ્ઞાતિજનોને તેના અસ્તિત્વનો અહેસાસ થતો નથી તે જોતાં તે સંમેલનમાં જે રીતે જ્ઞાતિના શક્તિ-સમય-નાણાં વેડફાયાં તેનું પુનરાવર્તન થવા સિવાય બીજો કોઈ નિષ્કર્ષ અત્યારે દેખાતો નથી ત્યારે જ્ઞાતિ સંમેલન બોલાવવાનો કોઈ અર્થ નથી તેનો સૌ સંબંધિતોએ વિશાળ જ્ઞાતિહિતમાં સ્વીકાર કરવો જ જોઈએ.

આમ પણ, સમસ્ત મહાજને સંમેલન માટે યજમાન બનવા ૩૦ જુન સુધી પ્રસ્તાવ મંગાવ્યા હતા તે મુદતમાં અન્ય કોઈ મહાજને તત્પરતા દર્શાવી નથી તેને અનુલક્ષીને હવે ફરી પાછી એ મુદત લંબાવાય છે કે બીજી બાજુ મુંબઈ મહાજન ઉક્ત સામાન્ય સભાના નિર્ણયના અનુરૂપમાં સમસ્ત મહાજન પાસેથી નક્કર કાર્યક્રમની વિગતો મેળવવા આગળની કાર્યવાહી કરે છે કે કેમ તેનો ઉત્તર એકાદ માસમાં મળી જશે.

આમ છતાં પણ અત્યારે સમગ્ર વિશ્વમાં એક પછી એક દેશો આર્થિક અવદશાની નાગચૂડમાં ઝડપાઈ રહ્યા છે અને આપણા દેશમાં પણ છેલ્લા ઘણા મહીનાઓથી વેપાર-ધંધાઓમાં આર્થિક મંદી પ્રવર્તી રહી છે. તેવી પરિસ્થિતિમાં તેમજ ક્રમસે ક્રમ આગામી એકાદ વર્ષ સુધી તો જ્ઞાતિને એવો કોઈ તાકીદનો કે કટોકટીનો પ્રશ્ન કે સમસ્યા ઉકેલવાની તાતી જરૂરત છે જ નહીં અને ઉપરાંતમાં જ્ઞાતિને શૈક્ષણિક-વૈદકીય સહાય જેવી પ્રવૃત્તિઓ માટે પુષ્કળ નાણાંની જરૂરત છે, તે જોતાં જ્ઞાતિ-મેળામાં ફક્ત હળવા-મળવા, મહાલવા અને ખાવા-પીવાના જલસા અને નિરર્થક ઠરાવો કે પ્રસ્તાવોની સામ-સામી બાજુએ દલીલબાજીના વાણી વિલાસ પાછળ ઓછામાં ઓછા પાંત્રીસેક લાખનો વેડફાટ કરવામાં કોઈ ડહાપણ નથી. તેને બદલે સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ અને મહાસમિતિના સભ્યોએ તેમને મળેલ એક વધુ વર્ષની મુદતના શેષ નવ મહિના દરમ્યાન છેલ્લા પાંચેક વર્ષથી જ્ઞાતિ ઐક્યમાં સર્જાયેલ સીધી તિરાડને સાંધવા અને જ્ઞાતિ પોતને મજબુત બનાવવા પ્રમાણિકપણે પ્રયત્નશીલ થવું જોઈએ, સિવાય કે આગામી ઓછામાં ઓછા બે દાયકા માટે જ્ઞાતિની રહેઠાણ સમસ્યા, શૈક્ષણિક - વૈદકિય સહાય, કચ્છ - માંડવી - હાલાર - પારોલા - મસ્જીદબંદરમાંના આપણા આસ્થા સ્થાનો અને વસતી - રહેણાંક માટે જરૂર પડે તો ક્રાંતીકારી પરી યોજના તેમજ યુવાવર્ગને સાતત્યપણે જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં રસાભિમુખ કરવાની સંકલ્પના અને તે સર્વે માટે વર્ષાનુવર્ષ આર્થિક સ્ત્રોતોની ઉપલબ્ધતાની નક્કર રૂપરેખા તેમજ સમસ્ત મહાજનની જ્ઞાતિની અસરકારક કેન્દ્રીય સંસ્થા તરીકેની પ્રતિમા ઉભારવા પાયાના બંધારણીય સુધારા વધારા અંગેના વ્યવહારુ અને વિશ્વસનીય પ્રસ્તાવનીય રજુઆત કરીને સંમેલનને સાર્થક બનાવવામાં આવે વધુમા યા સંમેલનના ખર્ચ પહોંચીવળવા. મહાસમિતીના પ્રત્યેક સભ્યો ૫૦૦-૧૦૦૦ થી માંડીને ૫૦,૦૦૦ હજારથી ૧ લાખ સુધીના યોગદાન મેળવા પ્રયત્ન કરી ખર્ચ સંબંધે સમગ્ર જ્ઞાતિને સમ્મિલીત કરવા અંગે પોતાની કૃતનિશ્ચયતાની પ્રતીતે કરાવે. યે પણ જરૂરી છે આ બધાની ભૂમિકા આવતા એકાદ મહિનામાં રચાઈજોઈએ. આકાર પામવી જોઈએ.

- રા.

જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી

હાર્દિક અભિનંદન



આત્મીય અનુમોદના

## માતુશ્રી માંકબાઈ લધાબાઈ મણશી મોમાયા, વરાડીયા

**શ્રી વરાડીયા તીર્થે ભોજનશાળા માટે રૂા. ૫૦.૦૦ લાખના માતબર દાન માટે માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયાના અને સુપુત્ર સ્વ. શ્રી થોભણભાઈ, સ્વ. શ્રી શાંતિલાલભાઈ, શ્રી જયંતીલાલભાઈ તથા શ્રી અમૃતલાલભાઈ સપરિવારને હાર્દિક અભિનંદન તથા ભૂરી ભૂરી અનુમોદના..**

આપણા વતન કચ્છમાં માંડવી - નલીયા હાઈવે પર ડુમરાથી ૧૧ કિમિ તથા કોઠારાથી ૪ કિમિના અંતરે આવેલ ૧૧૨ વર્ષ પ્રાચિન તીર્થ વરાડીયામાં વર્ષો પહેલાં પોતાના માતુશ્રી માંકબાઈ માની પુણ્ય સ્મૃતિમાં સુપુત્ર શ્રી અમૃતલાલભાઈએ અદ્યતન ભોજનાલય બંધાવીને શ્રી વરાડીયા જ્ઞાતિ મહાજનને અર્પણ કરેલ.

હવે આ ભોજનશાળા કાયમી ધોરણે સુચારુ રૂપથી ચાલુ રહે એની ઉત્કૃષ્ટ ભાવનાથી માતુશ્રી માંકબાઈના ચાર સુપુત્રો **સ્વ.શ્રી થોભણભાઈ, સ્વ.શ્રી શાંતિલાલભાઈ, શ્રી જયંતીલાલભાઈ** તથા **શ્રી અમૃતલાલભાઈ** અને તેમના પરિવારજનોએ શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટને રૂા. ૫૦.૦૦ લાખનું માતબર દાન આપીને માતૃભક્તિ તથા સાધર્મિક ભક્તિનું અનેરું ઉદાહરણ પુરું પાડ્યું છે. તે નિમિત્તે અમો આ પરિવારજનોને આત્મીય અનુમોદનાસહ હાર્દિક અભિનંદન આપીએ છીએ.

**હવે વરાડીયા તીર્થે ભોજનશાળા તથા અતિથિગૃહની સુવિધા ઉપલબ્ધ છે.**
**કચ્છની યાત્રાએ પધારતા ભાવિકોને આ સુવિધાનો લાભ લેવા અનુરોધ છે.**

-: લી. :-

**શ્રી વરાડીયા તીર્થે ભોજનશાળા સમિતિ વતી**
**નલીન રતનશી ડાઘા • ચેતન શાંતિલાલ ડાઘા**
**હેમંત ગુલાબચંદ મોમાયા • દિપેશ ચીમનલાલ મોમાયા • ભૂપેશ ચીમનલાલ મોમાયા**
**તથા શુભેચ્છકો**
**દીપક ગંગાજર ડાઘા - અમિત શાંતિલાલ મોમાયા**
**ના જય જિનેન્દ્ર**

## ચર્ચાપત્રો અંગે સુચના

ચર્ચાપત્રો ટૂંકમાં અને મુદ્દાસર હોવા જરૂરી છે. ભાષા પણ શિષ્ટ અને શૈલી સંયમી હોવી જોઈએ. કોઈપણ સંસ્થા કે મહાજનના વહીવટ અને ટ્રસ્ટીઓ/અધિકારીઓની કાર્યપધ્ધતિ વિશે રચનાત્મક ટીકા થવી જ જોઈએ પરંતુ તેમાં વ્યક્તિગત દ્વેષ પૂર્વગ્રહ, ઉશ્કેરાટ કે ટીખળ અને તીવ્રપણે ઉતારી પાડવાની ચેષ્ટા થતી હશે તે શબ્દો અને વાક્યો રદ કરાશે તેની નોંધ લેવી.




ત્યા સંસ્થા અને મહાજનની ચૂંટણીઓ, ગેરરીતિઓ ઇત્યાદિ વહીવટી બાબતે આક્ષેપો કરતા ચર્ચાપત્રો મર્યાદિત અંશે જ પ્રગટ કરી શકાય આવી બાબતો અંગે સક્ષમ કાનૂની અધિકારી સમક્ષ ફરિયાદ-સરજી કરી તેમાં ન્યાય મેળવી શકાય. આવી બાબતો ચર્ચાપત્રોમાં ઉપસ્થિત કરી કે વારંવાર તેનું પુનરાવર્તન કરવા માટે 'પ્રકાશ-સમીક્ષા'નો મંચ મળી શકે નહીં તેવી પલ ખાસ નોંધ લેવી. આમાં પણ, ચર્ચાપત્રી પોતાનું નામ જાહરેમાં ન છપાય તેવો આગ્રહ સેવી કોઈ પણ મહાજન, ટ્રસ્ટ કે સંસ્થાના વહીવટ સંબંધી આક્ષેપો કરે તે સર્વથા અનુચિત છે.

સામાન્ય રીતે જે જે સંસ્થા મહાજન વિરૂદ્ધ ફરિયાદ - ટીકા કરતા ચર્ચાપત્રો મળે છે તે તે સંસ્થાના સંચાલકોને તે અંગે તેમના પ્રતિભાવો વ્યક્ત કરવા મોકલવામાં આવે છે જેથી બંને બાજુના મતવ્યો એકી સાથે પ્રગટ કરી શકાય. પરંતુ આક્ષેપોનું પુનરાવર્તન કરતા અને દસ્તાવેજ કે લેખન પુરાવા વિનાના ચર્ચાપત્રો માટે આવી વિધિ કરવી શક્ય નથી. અખબાર કે સામયિકમાં પ્રગટ થતી મેટરોમાં વ્યક્તિગત કે સંસ્થાકીય આક્ષેપો હોય તો તંત્રી - પ્રકાશક સામે ફોજદારી કોર્ટમાં બદનક્ષીની ફરિયાદ થતી હોય છે.

આ હકીકતો ધ્યાનમાં લેવી આવશ્યક છે.

પ્રકાશ -સમીક્ષાનું તંત્રી મંડળ કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા-ટ્રસ્ટ માટે પક્ષપાત કે પૂર્વગ્રહ રાખતું નથી. વસ્તુલક્ષી (ઓબજેક્ટીવ) દષ્ટિકોણથી અને જ્ઞાતિજનો બીનજરૂરી કુસંપ, કડવાશ અને વિખવાદથી દૂર રહે તેવી ભૂમિકા સચવાય ને દષ્ટિ બિંદૂથી ચર્ચાપત્રો અને અન્ય મેટરો પ્રગટ કરવામાં આવે છે તેની નોંધ લેવા વિનંતી.

**- પ્રકાશ-સમીક્ષા સમિતી**

**શ્રી અરિહંત ટ્રેડીંગ**

સાદા, ઘી સાદા, ઘીજીરા, માંગરોલી, મઠ, ચોળાફરી, ઘઉ, બાજરી, ભાખરી અને મુંગ આદિ પ્રકારના ખાખરા ઓર્ડરથી બનાવી અને હોમ ડિલીવરી કરવામાં આવશે.

સંપર્ક : કીર્તી શીવજી મૈશેરી, ભાંડુપ - નાની સિંધોડી

મો.: 09920089346 / 099308 23619

## જીઓની મેડિકલેમ પૉલીસી

ગયા વરસે જ્ઞાતિપત્રો પ્રકાશ સમીક્ષા અંક ૩૭ (૬ સપ્ટે ૧૪) તથા કેડીઓ વર્લ્ડ ૧૩ સપ્ટે ૧૪ ના અંકમાં 'શ્રાવક આરોગ્યમ'' જ્ઞાતિના ઇતિહાસમાં પ્રથમવાર દરેક જ્ઞાતિજન મેળવે - સારવારની જાહેરાત છપાયેલ. તેના પરથી અત્રેથી મેં તથા અન્ય જ્ઞાતિજનોએ ફોર્મ વગેર મંગાવીને વહેલી તકે ભરી, ફોટા વગેરે બીડેલ ને જરૂરી રકમ સાથે ના મુંબઈ મહાજનની ઓફિસે ઓક્ટો ૧૪માં મોકલે તેને આજે સહેજે ૮ મહિના જેટલો સમય વીતી ગયો છે. તે દરમ્યાન વડીલ શ્રી કુલીનકાંત લુઠીયાનો પણ એક લેખ ''ચર્ચાને ચોતરે''માં પ્રગટ થઈ ચૂકેલ કે ૧૦૦૦ જણના બદલે માંડ ૨૦૦ - ૩૦૦ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. !!

## જૈન ઇન્ટરનેશનલ ઓરગનાઈજેશન JIO ની મેડીક્લેમ પૉલીસી નું ભવિષ્ય અધ્ધરતાલ ?

જૈન ઇન્ટરનેશનલ ઓરગનાઈજેશન JIO ની મેડીક્લેમ પૉલીસી ૩ લાખથી વધુ જૈનેએ લીધી છે અને ટુંકમાં સંસ્થા તેની નવી સંવર્ધિત આવૃત્તી લાવવાની છે, જેમાં ફલોટર પૉલીસીમાં ૯ હજારમાં કુટુંબના ૬ જણને રૂા. ૫ લાખનું મેડીક્લેમ વિમા છત્ર મળવા સાથે જરૂર પડે હેલીકોપ્ટર એમ્બ્યુલન્સ (એઅરલિફ્ટ) સેવા મળશે. કેશલેસ ની સુવિધા મળશે એવા સમાચાર હતા.

હવે જાણકાર વતૃળોમાં કંપનીએ ૧૦૦ કરોડના પ્રિમીયમ સામે અધિકારીઓને સાધીને ૩૦૦ કરોડના દાવા અપાવ્યા હતા તેથી કંપનીએ આ અધિકારીઓને સસ્પેન્ડ કર્યાં છે તેમજ કંપની કદાચ જીઓની પૉલીસી લેવાનું બંધ કરે એવી પુરી શક્યતા છે, તેવા સમાચાર છે.

જ હોય તે જીઓની મેડીક્લેમ પૉલીસી લેનારે સાવધાની વરતવી તથા આ પૉલીસી સાથે બીજી પૉલીસી પણ લેવી જેથી કંઈક સમસ્યા થાય તો ખરે વખતે મુશ્કલીમાં મુકાવવાનું ન આવે.

॥ શ્રી મોમાઈ માતાય નમઃ ॥

કચ્છ ગામ જખૌ નિમવાળા ફળીયામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા ભાવિકોને જણાવવાનું કે આપણા કુળદેવી શ્રી મોમાઈ માતાજીની ગંધી બદલાવવાનો કાર્યક્રમ કારતક સુદ ૧૪ તથા પૂનમ તા. ૨૪-૧૧ થી ૨૫-૧૧-૨૦૧૫ના શુભ દિવસે યોજવામાં આવેલ છે. તો તે પ્રસંગે સર્વે ભાવિકોને પોતાની રીતે ટીકીટની વ્યવસ્થા કરી બહોળી સંખ્યામાં માતાજીનાં સ્થાનકે પધારવા આગ્રહભરી વિનંતી.

**સંપર્ક : ભોઈમા : પ્રેમીલાબેન પદમશી મોમાયા - 099305 15744, કિરણ કુંવરજી મોમાયા - 093200 62824, 098209 62824**

॥ જય શ્રી સચ્ચામાં ॥

॥ જય શ્રી પોડસાદાદા ॥ ॥ જય શ્રી ક્ષેત્રપાલ દાદા ॥

# વિકમશી નુખના
# શ્રી સચ્ચા માતાજીની સમૂહ પહેડી

**વિકમશી નુખના સર્વે ભાવિકો ને જણાવતાં સહર્ષ આનંદ થાય છેકે, માતાજીની સમૂહ પહેડી તા. ૧૬-૦૮-૨૦૧૫ ના મુંબઈ મધ્યે આયોજીત કરેલ છે.**

**શુભ દિવસ** : ૧૬ ઓગસ્ટ ૨૦૧૫, શ્રાવણ સુદ બીજ ને રવિવાર

**શુભસ્થળ** : સક્કર પંચાયત હોલ, ૧૮/૧, આર.એ કીડવાઈ રોડ, વડાલા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૩૧.

**કાર્યક્રમ** : સવારના ૮.૦૦ કલાકે ''ભુઈમા'' ના નિવાસ સ્થાને થી
માતાજીની છબિ સાથે પ્રસ્થાન
૮.૩૦ કલાકે હોલ પર સામૈયું
૮.૪૫ માતાજીની સ્થાપના પૂજા
૧૦.૦૦ આરતી, ધૂપ, થાળ, પ્રસાદ
આરતી બાદ રાસગરબાની રસઝટ

- કુટુંબના બાળકો જેમણે અભ્યાસ તેમજ અન્ય ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરેલ હોય, ઉચ્ચ ગુણાંક ઉતાર્ણ થયા હોય તેમણે વિગત તથા પરિણામની નકલ મોકલવા.
- પોતાની કલાનું પ્રદર્શન કરવા ઈચ્છતા લોકો પોતાની કલાની વિગત તથા ફોન નંબર મોકલવા વિનંતી.
- સવારના નવકારસીની સગવડ છે.
- કાળા કપડા, ચામડા ના બેલ્ટ, પર્સ વિગૈરે વર્જ્ય છે.
- નિયાણી બહેનો ને આ પ્રસંગે પધારવા આગ્રહ ભર્યું આમંત્રણ છે.

✦ સંપર્ક ✦

**નિલેશ કરમશી વિકમશી - 98207 82431**
**અખિલેશ ધનજી વિકમશી - 9819827280**

✦ પત્ર વ્યવહાર સંપર્ક ✦

**શ્રી કાંતિભાઈ કરમશી વિકમશી**

૪૧૩, મેકર ચેમ્બર્સ નં. ૫, પ્લોટ નં. ૨૨૧, નરીમન પોઈન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧.

ઈ-મેલ : kantikaramsey@vsnl.net / akhileshdv@gmail.com

**નોંધ : આપના પત્રો /ઈ-મેલ તા. ૩૧/૭/૨૦૧૫ થી પહેલા મોકલવા ની વિનંતી છે.**

✦ નિમંત્રક ✦

**શ્રી વિકમશી પરિવાર સચ્ચામાં સમૂહ પહેડી સમિતિ**

આ યોજનાની વેબસાઈટ પર આપેલ ફોન નંબર પરથી કશીજ માહિતી મળતી નથી. ફોન નંબર માત્ર વાગ્યા કરે છે. પ્રત્યુતર મળતો નથી. આજે આઠ મહિના પછી પણ મારા કુટુંબના ૩ સભ્યોના ''સભ્યકાડ'' (મેંબરશીપ કાર્ડ) આજ લગી મને ઉપલબ્ધ થયાં નથી !! યોજના સારી હોય, તો પણ આવી બેદરદારી અક્ષમ્ય છે. વચ્ચે હું શંખેશ્વર ખાતે મહિનો હતો (૨૧ દિવસ) ત્યારે અસહ્ય તાપમાનને લીધે ''ડી હાઈડ્રેશન De-Hydration'' ને લઈને કદાચ મારે હોસ્પીટલનો સહારો પણ લેવો પડે તો આ કાર્ડ વગર ક્યાં કોઈ જઈ શકે ?

લાગે છે હે માત્ર મહાનગર (હોસ્પીટલની નામાવલિ ઉપરથી તો એમજ જાણાય છે) ને જ આ લાભ મળે. હુબલીની વસ્તી પણ ૧૦ લાખની થવા જાય છે, છેલ્લા બે વર્ષમાં શહેરમાં સારામાં સારી હોસ્પીટલ નવી નવી ઊભી થઈ છે. તેમનું નામ આ લીસ્ટમાં નથી.. તો શું ફાયદો ? હોઈ માહિતગાર (અધિકારી વર્ગ/ડોક્ટરોનીથી પેનલ) આમાં કંઈ સહાયભૂત થવા ઈચ્છશે ?

યોજનાઓ સારી હોય પણ તેનું Implementation (અમલીકરણ) જો સંતોષકારક ન હોય તો સરવાળે માત્ર મીડું (Zero) જ રહેવાનું !!

મારા જેવા અન્ય જ્ઞાતિજનો (અન્ય ગામમાં) હોઈ શકે છે.

કોઈ પ્રકાશ પાડશે ??

– **પદમકુમાર નાગડા**, હુબલી – 088925 52607

## જ્ઞાતિનું આઠમં વસતિ પત્રક

છેલ્લા કેટલાક વર્ષોથી ઉપરોક્ત વિષય પર સારી એવી ચર્ચા થયેલ છે અને ખાસ તો ક્યા માધ્યમમાં તેને પ્રસ્તુત કરવું તે બાબત. એકાદ માસ પહેલાં પ્રકાશ સમીક્ષામાં વડોદરા સ્થિત શ્રી નવીનભાઈ પટેલ નાગડએ એ લખેલ કે જ્ઞાતિના આઠમા વસતિપત્રકને પુસ્તકના રૂપમાં પ્રસ્તુત કરવું લગભગ ભુલાઈ ગયેલ વાત છે.

તા. ૧૯-૦૮-૨૦૧૩ના કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ વસતિ પત્રક સમિતિનો એક પત્ર સુરત મહાજન પર આવેલ જેમાં લખેલ કે પુસ્તક સ્વરૂપે જ્ઞાતિનું આ છેલ્લું વસતિ પત્રક હશે. તેથી સૌ જ્ઞાતિજનો વેબસાઈટ પર પોતાના કુટુંબની વિગત ચકાસીને કોઈ ભૂલ હોય તો વસતિ પત્રક સમિતિને જાણ કરે જેથી ત્રુટી વગરનું વસતિ પત્રક બાહાર પાડી શકાય. તેમજ વસતિ પત્રકના દરેક પાનાની નીચે છપાનાર સૌજન્ય પટ્ટીનો નકરો પણ રૂા. ૩૦૦૦માંથી રૂા. ૧૫૦૦ના કરવામાં આવેલ જેથી વધારે સંખ્યામાં જ્ઞાતિજનો આનો લાભ લઈ શકે. તે ઉપરાંત પોતાના વડિલો અને સ્વજનોનાં કલર કે બ્લેક-વ્હાઈટ ફોટા માટે રૂા. ૪૦,૦૦૦ અને ૨૦,૦૦૦ ના ફુલ પેજની વિગત હતી અને દરેક મહાજનશ્રીઓ/એકમશ્રી/ મંડળોને નમ્ર વિનંતી કરવામાં આવી હતી કે આ જાહેરાત પર વિશેષ ધ્યાન આપશો.

તેથી દરેક ગામના જ્ઞાતિના આગેવાન / પ્રતિષ્ઠિત જ્ઞાતિજનોને આ બાબતમાં સ્થાનિક કાર્યકરોએ વિનંતી કરી જ હશે અને આ રીતે વસતિપત્રક ને પુસ્તકના સ્વરૂપમાં પ્રગટ કરવા ખાસ કરીને આ પુસ્તકના સ્વરૂપમાં છેલ્લું વસતિપત્રક છે તેવી જાહેરાત વારંવાર કર્યા પછી પણ વસતિપત્રકના માધ્યમ બાબત જે અનિશ્ચતતા છે તે વસ્તુસ્થિતિ ગંભીર છે. આ સ્થળે એક મહાજનના અગત્યના કાર્યની સિધ્ધિની નોંધ લેવી પડે તે છે કે જ્યારે ટેક્નોલોજી/સંદેશ વ્યવહારની આટલી સારી અગવડ ન હતી ત્યારેપણ જ્ઞાતિના સાતમા વસતિ પત્રકની સમિતિ એ જે સુંદર કાર્ય કર્યું છે ખાસ કરીને મુખ્ય વસતિપત્રક, સરનામાની અલગ ચોપડી તથા લગ્નોત્સુક યુવક યુવતીની અલગથી પુસ્તિકા તે કાબીલે તારિફ છે. પ્રકાશ સમીક્ષામાં કોઈ ક વાર કોઈ લેખ ઝુકી તો જવાય ના શિર્ષક હેઠળ આવે છે એટલે મારે અહીં જરૂરથી કહેવું પડે કે જ્ઞાતિના કે જ્ઞાતિની વસતિ પત્રકની સમિતિ જે કાર્ય કરેલ તેના માટે ઝુકી તો જવાય.

– **પ્રવિણચંદ્ર શામજી ધરમશી**, સુરત

## જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.

કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

# બેઠાડુ જીવન અને ચાલવું - ૨

ડૉ. વીરચંદ લખમશી નાગડા M.B.B.S. (મુંબઈ) મો.: 70696 21931

એરોબિક કસરતોમાં ચાલવું એ શ્રેષ્ઠ કસરત છે અને તેમાં કોઈ આંતરિક ઈજા પહોંચવાનો સંભવ નથી. સમજદારીપૂર્વક ચાલવાનો કાર્યક્રમ કરી નિયમિત ચાલી, સ્વાસ્થયનો લાભ મેળવો.

આપણે ચાલવાની સાચી રીત જાણી એ જ રીતે ચાલીએ. વાંચકને થશે કે ચાલવામાં વળી સાચી રીત શું ? દરેક પગલાં વખતે શરીરનું વજન એડીથી અંગૂઠા અને આંગળીઓના મૂળ સુધી પગના પંજાપર આવે, એ ચાલવાની સાચી રીત છે પગલું ભરવામાં સમતોલપણું રાખવું જોઈએ. પગલું પાડીએ એટલે પહેલાં એડીનો ભાગ અડે પછી પંજાનો મધ્યભાગ અને છેલ્લે અંગૂઠો વળે છે. આપણે પગરખાંની એડી નો ભાગ જોવો જોઈએ. જો તેને એક બાજુ ઘસારો લાગ્યો હોય તો સમજવું કે ચાલતી વખતે આપણું વજન એકસરખું વહેંચાતું નથી. એડીનો એક ભાગ દબાણ સહન કરે છે. જો આમ હોય તો લાંબા સમયે આપણા પગ, પંજાના સ્નાયુઓ અને ટેન્ડન્ટસને ઈજા પહોંચી શકે. ચાલવાની સાચી રીત પ્રમાણે મસ્તક ટટ્ટાર, પીઠ સીધી અને પેટ સપાટ રાખવું જોઈએ. બંને હાથને આપણ શરીરની બાજુપર છૂટથી ઝુલવા દેવા જોઈએ. ઝડપી ચાલથી લાંબા પણ આરામદાયી પગલાં ભરવા જોઈએ, પણ તાણ ન અનુભવાવી જોઈએ. ઊંડા શ્વાસ લઈએ વાતચીત ન કરીએ, પણ સરડતા ચાલીએ પણ પગ ઉપાડીને ચાલીએ. લટાર મારવા નીકળીએ કે બજારમાં ખરીદી કરવા જઈએ તે એરોબિક કસરત નથી.

બેઠાડુ જીવન જીવતા હોય એમણે શરૂઆત હળવેથી કરવી જોઈએ, ઉતાવળ ન કરવી. ચાલવાની કસરતનું પ્રમાણ આપણી શારીરિક ક્ષમતા વધે તેમ વધારતાં જવું. શારીરિક ક્ષમતા ગણવાનો એક સાથે રસ્તો છે. તમારી ઉંમરને ૨૨૦માંથી બાદ કરો તે તમારા હૃદયનો વધુમાં વધુ દર થયો. આ મહત્તમ દરના ૬૦% થી ૭૦% જેટલા થાય તેટલું જ વ્યાયામનું પ્રમાણ રાખવું જોઈએ. હાલ તમારા હૃદયના (નાડીના) ધબકારા જાણી લો અને આ મહત્તમ દરના ૬૦% થી ૭૦% ની સંખ્યા સુધીનો અંક તે લક્ષ્યાંક દર છે. તમારા હૃદયના ધબકારાને આ લક્ષ્યાંક દરથી વધુ ઝડપી બનાવે તે વ્યાયામ તમારા માટે વધુ પડતો ભારે કહેવાય અને જે વ્યાયામ તમારા હૃદયના ધબકારાને મહત્તમ દરના ૬૦%થી ઓછો ધીમો રાખે તે અપૂરતો વ્યાયામ કહેવાય આવી


જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું
સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ

જીવનનો મૂળ હેતુ જીવન નિર્વાહ અને આનંદ છે
પણ આપણે સંબંધ, સંપતિ કે તંદુરસ્તી બાબત
દુ:ખનો અનુભવ કરતા હોઈએ છીએ અને
એમાંથી બહાર નીકળવા માટે
અન્ય સહારો શોધવાના ફાંફા મારીએ છીએ

તમારા દરેક પ્રશ્નના ઉત્તર
**તમારે જાતે**
મેળવવા હોય તો...

પંદર દિવસમાં ટેરો કાર્ડ શીખો
અને નિષ્કર્ષ કે નિર્ણય પર
**તમારી જાતે** પ્હોંચો (ગેરન્ટી સાથે)
તા. ક.: ટેરો કાર્ડ દ્વારા તમે આર્થિક રીતે પણ પગભર થઇ શકો છો

વધુ વિગત માટે સંપર્ક:
**રૂપલ શાહ**
98339 96477

**કાઉન્સીલર, માઈન્ડ પ્રોગ્રામર, એસ્ટ્રોલોજર, ટેરો કાર્ડ રીડર, ગ્રાફોલોજીસ્ટ, હેન્ડ રાઈટીંગ એક્ષ્પર્ટ, સિગ્નેચર એનાલીસ્ટ...**



Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની
ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**

ગણતરી ન પણ કરો તોય ચાલે, ધીરે ધીરે થાક ન લાગે તેટલો વ્યાયામ વધારતા જાવ.

અહીં હૃદયની કોઈપણ તકલીફવાળી વ્યક્તિએ કાર્ડિયોલોજીસ્ટની સલાહ મુજબ કે સાધારણ થાક ન લાગે, શ્વાસ ફૂલાય તેટલું જ ઝડપથી ચાલવું.

કસરત દરમ્યાન વાતચીત કરવાની નથી પણ કસોટી કરવા જ વાતચીત કરવી જોઈએ કે બોલતી વખતે હાંફ અડે છે ? જો હાંફ ચડે તો કસરત વધુ પડતી સમજવી.

લક્ષ્યાંક દર સુધી હૃદયના ધબકારા વધારી ૨૦ મિનિટ સતત ચાલવામાં આવે તો જ તે હૃદય અને ફેફસા માટે તેમજ શરીરની યોગ્યતા જાળવી રાખવામાં માદરૂપ થાય. જે વ્યક્તિને તંદુરસ્તીની કોઈ મર્યાદા હોય તેમણે ડૉક્ટરની સલાહ મુજબ જ કરવું.

એકધારા વધુ દિવસ કસરત છોડી દેવામાં આવે તો મેળવેલા લાભ જતા રહે. શરીરને અનુકૂળ થાય ત્યાં સુધી માફકસર ચાલવાનું. શરૂઆતમાં એકસાથે લાંબુ ચાલી નાખવાનું ન કરશો. મિનિટના ૧૨૦ પગલા થાય એટલે સારી ઝડપ. સવારનો સમય ઉત્તમ છતાં વ્યવસાયનો સમય, કૌટુંબિક તેમજ અન્ય અનુકુળતા મુજબ સાંઝનો સમય પણ પસંદ કરી શકાય.

મોડી રાતે હવામાં ઓક્સીજન ઓછું હોવાથી ચાલવું હિતકારક નથી. સખત ગરમી કે અતિ ભેજવાળા વાતાવરણમાં કે જમ્યા પછી તરતજ ઝડપથી ચાલવું નુકશાનકારક. ગરમીમાં અને જમ્યા પછી ચાલવાથી લોહી પરિભ્રમણ પર ભારે બોજો આવે છે એટલે ત્યારે ચાલવાથી નુકશાન થશે. ચાલવાનો વ્યાયામ કરનારે પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેવું જરૂરી છે.

ચાલતી વખતે ચપ્પલ કે સ્લીપર પહેરવા નુકશાનકારક. કારણ પગે તેને ઉંચકવા પડશે અને તેથી સ્નાયુ ખોટી રીતે ખેંચાય અને પગ પછડાય છે, સેંડલ કે સુઝ જે પગ પર ફીટ બંધ બેસતા હોય, જે પગની સાથે આપોઆપ ઉંચકાય તે સારા, સ્પોર્ટશુઝ ઉત્તમ. ચાલવાથી ગરમી ઉપન્ન થાય છે માટે સુતરાઉ હળવાં કે ઢીલાં કપડાં પહેરવા. શિયાળામાં ૧ જાડા કપડા કરતાં ૨ સાધારણ કપડાથી વધુ ગરમી જળવાઈ રહે છે.

ઝડપી ચાલવાની નિયમિત કસરત કરવામાં આવે તો તે વખતે શરીરની ઓક્સિજન વાપરવાની ક્ષમતા વધે છે. આરામના સમયે ધબકારા ધીમા પડે છે હૃદય તથા ફેફસાની કાર્યક્ષમતામાં વધારો થાય છે, હૃદય ઓછી વખત ધબકીને વધુ લોહી ફેંકી યા ધકેલી શકે છે, લોહીનું પરિભ્રમણ સુધરે છે અને હૃદયના સ્નાયુ મજબૂત બને છે, કસરતથી વેકલ્પિક પરિભ્રમણ સુધરી શકે છે. હૃદયરોગ થવાના મુખ્ય પરિબળો ઘટવાથી એન્જાઈના અને હાઈટએટેક ની શક્યતા ઘટે છે.

આમ કંટાળા વગર, આળસ ત્યજી યોગ્ય રીતે ચાલીએ અને એના ફાયદા મેળવીએ.

।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ।।

## શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા

ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૨-૨૨૨૩૩૭
રજી. નં. A ૫૬૪ (કચ્છ)
Email Id : kdonaliyamahajan@gmail.com

મુંબઈ :- એડ્રેસ : ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમન્ટ, સેજલ પાર્ક, બી.ઈ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (૫), મુંબઈ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪

## ખાસ સામાન્ય સભા

તા. ૩૦/૦૬/૨૦૧૫

**સર્વે નલીયાવાસીઓ અને તેના વાડાના ગામના સભ્યો.**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયાની એક ખાસ સામાન્ય સભા તા. ૧૭/૦૭/૨૦૧૫ ને શુક્રવાર બપોરના ૩:૦૦ વાગ્યે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ ના એજન્ડા ઉપર કાર્યવાહી રહેશે.

-: કાર્યસુચિ :-

૧. ખાસ સામાન્ય સભા ની ગત મીનીટસનું વાંચન અને બહાલી.
૨. સવંત - ૨૦૭૧ ના ચાર્તુમાસ તેમજ પર્યુષણ પર્વ ની આરાધના માટે આયોજન કરવા બાબતે ચર્ચા-વિચારણા અને નિર્ણય.
૩. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે બાબતે ચર્ચા વિચારણા

**સર્વ સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી**
**શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા**
**વતી ટ્રસ્ટીગણ**


## હાર્દિક અભિનંદના !



**કુ. ભારવી શીતલ ગૌતમ ખોના**
**S.S.C. માં 91% પાસ સાથે થયા .**

**ગૌરવદાયી તારી સિધ્ધિ,**
**હંમેશા આગળ રહી...**
**મેળવતી રહેજે પ્રસિદ્ધિ !**

દાદા - દાદી
ગં.સ્વ. પ્રમિલાબેન રમેશચંદ્ર ખોના
કુંવરજી પરબત ખોના પરિવાર

હાલ : ઐરોલી
ગામ : જખૌ

શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## સ્ત્રીત્વને વધામણાં

હું હોંઉ ભલે સાડી કે સ્કર્ટવાળી... પણ હૃદય ભાવોને ક્યારેય ન રાખું સંતાડી !

હું ગૃહિણી તરીકે ઘર સંભાળું કે જઈ બહારકામે કુટુંબ કાજે રોટલો રળું... પણ રાત દિ એટલી કામમાં કે મનેજ હું ભાગ્યે મળું !

હું બધાની હામાં હા પુરાવું કે સૌ કોઈની વાતે વાત નકારું... પણ બધાની જરૂરતો પૂરવાની મારી ભૂમિકા સહજ સ્વીકારું !

હું સેલનું પાટીયું જોયું નહીં કે ખરીદવા દોડું કે કુટુંબ કાજ આદુ મરીચાં સિવાય ભાગ્યે જ કાંઈ ખરીદું... પણ મેં હંમેશા ખરીદી કરતાં, વધુ મૂલ્ય મારા સ્વજનોને દીધું...

હું સૌ હાથ ચાટે તેવી રસોઈ બનાવું કે બહારની ચીજો ખાઈ મોજ મનાવું...

પણ ખરું પોષણ આપતા સારા વિચારો જરૂર અપનાવું !

હું દેખાઉં ગોરી કે સાંવરી, પણ રાખું નિતિમત્તા સદાય સંવારી – વધારી...

મને મૂલવશો ના બહારના દેખાવથી... હું જ્યારે જ્યારે મનગમતું મેળવવા આંસુ પાડુંને બની જાઉં ગુડીયા નાનકડી...

હું જ્યારે જ્યારે માત – પિતાથી જાઉં દૂર ને બની જાઉં દીકરી તે વહાલનો દરિયો...

હું જ્યારે જ્યારે ઠાવકી થઈ રાહ ચીધું ત્યારે બની જાંઉ મોટી બેનડી...

હું જ્યારે જ્યારે મારે માટે રાખેલો મીઠાઈનો ટુકડો ધરી દંઉ ત્યારે બની જાઉં ખરી અર્ધાંગીની...

હું જ્યારે જ્યારે બીજાએ વેરણ છેરણ કરેલી વસ્તુઓને કરું વ્યવસ્થિત બની જાઉં માવલડી..

જીવનમાં ણલે ને પગલે તમને મારામાંની સ્ત્રીની જરૂરત પડશે...

માટે દરેક ખુશીમાં ને દરેક ગમમાં....

દરેક આરામ ને દરેક કામમાં...

મારા સ્ત્રીત્વને હો વધામણાં !



વનિતા વિશ્વ

## કેમેસ્ટ્રી (રાસાયણિક બંધારણ)

નામ : પત્ની

પ્રતીક : બીવી

વજન : પ્રથમ મળે ત્યારે ફુલ જેવી હળવી ને વર્ષો જતાં શીલાથીય ભારે....

ભૌતિક ગુણધર્મો : કોઈ પણ સમયે ઉકળી ઉઠે

કોઈ પણ સમયે ઠંડી પડી જાય

પ્યાર ને સંભાળથી ઓગળી જાય

ને ગેરવર્તણૂકથી કડવી થાય !

રાસાયણિક ગુણધર્મો : બહુજ પ્રત્યાઘાતી

બહુજ અસ્થિર

સોના, ચાંદી, હીરા, મોતી, ક્રેડીટ કાર્ડ, ચેક બુક તરફ આકર્ષાય – ઘણા તત્વોથી દૂર જાય.

ક્યાં મળે : મોટે ભાગે અરીઆ સામે...

ચેતવણી : કાળજીથી પનારો પાડો

### અવનવું

- સપ્ટેમ્બર, ૨૦૧૪માં એરિક વ્હેનમેયર અને લોની બેડવેલે કોલોરાડો નદી પર એક માણસ માટેની નાનકડી હોડીમાં ૨૭૭ માઈલની સફર સફળતાપૂર્વક પાર પાડી. આ સિદ્ધિમાં ખાસ વાત એ છે કે એરિક અને લોની બન્ને અંધ છે.
- નવેમ્બર, ૨૦૧૪માં જ દિલ્હીમાં ત્રણ દિવસીય અજબગજબ આંતરરાષ્ટ્રીય મહોત્સવ ઊજવાઈ ગયોઃ શૌચાલય મહોત્સવ-ટોઈલેટ ફેસ્ટિવલ! સ્વચ્છતાને પ્રાધાન્ય આપવા માટે ૫૯૦ કિલોની વિશાળકાય ટોઈલેટ આકારની કેક પણ જાહેરમાં કાપવામાં આવી.
- તેલંગણામાં રહેતો ગુગુલોઠુ લાછીરામ નામનો માણસ બાઈક ચલાવતાં ચલાવતાં યોગ કરે છે !
- ૯૦ મિનિટ સુધી કોઈ દિલધડક હોરર ફિલ્મ જોવાથી ૨૦૦ કેલરીઝ બળી જાય છે !


જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી – ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**



**સરગમ વોટર પાર્ક – પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી – આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

## પાસ થયા અભિનંદન

વધુ ફોટા આવતા અંકે



**પુનિત જ્યોતિ પ્રદિપભાઈ દંડ**
મંજલ રેલડિયા-ભુજ કચ્છ Dip.Sem-6
Machanical Eng. (Final Year) માં
**SPI : 9.14, CKPA : 8.22**



**તનિષ્કા નિલેશકુમાર દંડ**
મંજલ - હુબલી
PUC II year માં
**86%** (Distinction)



**મિહિર દિપીકા કમલેશ ખોના**
હુબલી - નલીયા
PUC II year માં **83.17%**



**શ્રધ્ધા કરીશ્મા સમેશ મોતા**
વારાપધર - હૈદરાબાદ
S.S.C. માં **92%**



**ભારવી શિતલ ગૌતમ ખોના**
જખૌ - ઐરોલી
S.S.C. માં **90.60%**



**રોનક સુમન નરેન્દ્ર લાપસીયા**
-
S.S.C. માં **75.80%**



**અક્ષિત ભારતી રોહિત ધરમશી**
-
S.S.C. માં **83.60%**



**દિવ્ય અશ્વીન ધરમશી**
- વડાલા
S.S.C. માં **84.60%**



**અર્ચિત રૂપલ વિપુલ મોમાયા**
ડોંબીવલી - સાંયરા
S.S.C. માં **72.12%**



**ધૈર્ય નયના નરેશ મૈશેરી**
- ભાંડુપ
S.S.C. માં **76.20%**



**યશ પરેશભાઈ મણીલાલ મોતા**
કુઆપધર - હૈદરાબાદ
S.S.C. (CGPA) માં **8.5**



**ડિમ્પલ અનીલ ધરમશી**
પુના (CBSE Board)
S.S.C. માં **91.60%**

### પાસ થયાના સમાચાર મોકલો : પરિણામો મોકલો. પિતા સાથે માતાનું નામ પણ મોકલો.

શાળાંત, યુનિવર્સીટી, સ્નાતક ઈત્યાદિ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને પોતાના ફોટા, પરિણામ, વિશિષ્ટ ઉપલબ્ધિ (વિષય, બોર્ડ, શાળામાં રેંક વિગેરે) માહિતી મોકલવા અનુરોધ છે. ફોટોના કોઈ ચાર્જીસ નથી. કચ્છના મુળ ગામ તથા હાલના વસવાટની વિગતપણ માતા-પિતાના નામ સાથે મોકલશો જેથી લોકો બરાબરથી ઓળખી શકે.

**ભૂલ સુધાર :** આગાઉ પ્રકાશિત થયેલ ફોટા-વિગતોમાંથી મિહિર ભાવના અશોક મોમાયાના S.S.C. માં **95.60%** વાચવા.


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર

**પોરબંદર જામનગર રોડ, લાલપુર, જી.જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫ - ૨૭૩૩૪૮.**
Trust Reg.No.: 1039 The Bombay Public Trust Act 1950

## શ્રી ભલારાદાદા સંકુલ, લાલપુર : જ્ઞાતિનું ગૌરવશાળી સ્થાનક

લાલપુર સ્થાનકે જેનું બહુ જલ્દી ઉદ્‌ઘાટન થવાનું છે તેવા અદ્યતન કોમ્પ્લેક્સના નિર્માણમાં સહભાગી થવા શ્રી ભલારાદાદાના ભાવિકોને સાદર નિમંત્રણ.

**લાલપુર સ્થિત શ્રી ભલારાદાદાના અદ્યતન કોમ્પ્લેક્સની વિશિષ્ટતાઓ :**

- તમામ મોર્ડન એમિનિટીઝ સાથેના લકઝરિયસ સાઇઝના (આઠ) 1 BHK તથા (આઠ) 2 BHK ફ્લેટ્સ, વિશાળ લોબી અને બાલ્કની સાથે
- ઉચ્ચકક્ષાનું ફલોરિંગ, ફિનિશિંગ, પડદાઓ, એટેચ્ડ ટોઇલેટસ/બાથરૂમ બ્લોકસવાળા ૨,૫૦૦ ચોરસ ફૂટના વિશાળ લોબી સાથેના બે વિવિધલક્ષી હોલ
- ગ્રાઉન્ડ ફ્લોરમાં બહેનો માટે ઉચ્ચકક્ષાના લેટેસ્ટ વોશ બેસીન, બાથરૂમ, ટોઇલેટસ તથા કપડા બદલવાની જગ્યા
- પહેલા માળે પુરૂષો માટે ઉચ્ચકક્ષાના લેટેસ્ટ વોશ બેસીન, બાથરૂમ, ટોઇલેટસ તથા યુરિનલ
- ઉપરાંત રમતગમતનાં સાધનો, નિરાંતે બેસવા માટે બેન્ચીસ, આકર્ષક લાઇટિંગ સાથેનું વિશાળ નયનરમ્ય ગાર્ડન અને પાર્કિંગની વિશાળ જગ્યાની જોગવાઇ

કોમ્પ્લેક્સના નિર્માણ કાર્યમાં સહભાગી થઇને નીચે મુજબના લાભ મેળવી શકાશે.

| ડ્રો કૂપન (એકત્રીસ) | લાભ |
|---|---|
| પ્રથમ લકી ડ્રો (એક) | • રૂપિયા ૩૦,૦૦૦ (હપ્તે-હપ્તે) ભરીનેકોમ્પ્લેક્સના મુખ્ય ગેટ ઉપર કાયમી ધોરણે નામ |
| અન્ય લકી ડ્રો (ત્રીસ) | • કોમ્પ્લેક્સમાં યોગ્ય સ્થળે કાયમી ધોરણે ગ્રેનાઇટમાં નામની તકતી |
| | • ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલે માળે હોલનાં દાતાશ્રી |
| | • અતિથિગૃહ તેમજ વિવિધલક્ષી હોલનાં ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલે માળે લોબી વિંગના દાતાશ્રી |
| | • 1 BHK ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલે માળે ચાર ફ્લેટના દાતાશ્રી |
| | • 2 BHK ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલે માળે ચાર ફ્લેટના દાતાશ્રી |

યોજનાઓ વિશેની વિગતવાર જાણકારી મેળવવા ઇચ્છુક જ્ઞાતિજનોએ નીચેના સરનામે સંપર્ક સાધવા વિનંતી છે.

**યુ. એમ. ખોના એન્ડ કંપની**

૧૦૧૧, યુનિર્વસલ મેજેસ્ટિક, ઘાટકોપર-માનર્ખુદ લીંક રોડની સામે, ચેમ્બુર (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૮ .

**જોય ગ્રુપ**

મિસ દક્ષિતા, ટેલિ નં: - ૦૨૨-૬૭૦૦ ૩૮૮૮

**ગુર્જરમાત**

એ-૧૮, મોનાની સદન, ભારત બેંકની સામે, જે.એન.રોડ, મુલુંડ (વેસ્ટ). ફોન : ૯૩૮૮૪૪૩૪

# કાંજુરમાર્ગમાં ૨૧-૦૩-૨૦૧૫ના યોજાયેલ શ્રી ભલારાદાદાની સમુહ પહેડીનો અહેવાલ અને દાતાશ્રીઓની નામાવલી

## ભક્તિનો સાદ, પુણ્યનો પ્રસાદ

ચૈત્ર સુદ એકમ એટલે ગુડી પાડવો. શનિવાર ૨૧ માર્ચ ૨૦૧૫એ પવિત્ર દિવસ હતો. એ અવસરે જ્ઞાતિના શ્રી ભલારાદાદા ટ્રસ્ટ, લાલપુરના નેજા હેઠળ પ. પૂ. યતિવર્યશ્રી મોતીસાગરજી મ. સા.ની પાવન નિશ્રામાં કાંજુરમાર્ગ સ્થિત શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સમાં દાદાની ભવ્ય સમુહ પહેડીનું આયોજન કર્યું હતું. અદ્‌ભુત, અવિસ્મરણીય અને અતિપવિત્ર, આ શબ્દો એ અવસરને બંધ બેસતા હતા.

એક તરફ વાતાવરણમાં દાદા માટેનો અપ્રતિમ આદરભાવ તો બીજી તરફ આશરે ૩,૭૦૦ જ્ઞાતિજનોની હકડેઠઠ હાજરીથી છલકતું ગ્રાઉન્ડ. આ અવસરે દાદા માટેના ભક્તિભાવને તો સર્વત્ર છલકાવ્યો જ, સાથે લાલપુરમાં પૂર્ણતાના આરે પહોંચી ગયેલા દાદાના ભક્તો માટેના અદ્યતન સંકુલ માટે બહોળી રકમ દાન સરવાણી થકી એકઠી થઇ.

પધારેલા માનવંતા મહેમાનોમાં શ્રી અખિલ ભારત જૈન સંઘના પ્રમુખશ્રી અને અધિકારીઓ, મુંબઇ મહાજનના પ્રમુખશ્રી અને પદાધિકારીઓ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, અરિહંત બેન્કના ડિરેક્ટર્સ તથા અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓના પદાધિકારીઓની માનભરી ઉપસ્થિતિએ સમુહ પહેડીની શોભા વધારી હતી. શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સના રહેવાસીઓ, શ્રી વરાડિયા મિત્ર મંડળ અને પહેડી દરમિયાન વ્યવસ્થા માટે નિમાયેલી કમિટીના કુશળ-સમર્પિત કાર્યકર્તાઓની અથાક સેવા અને હા, શ્રી ભલારાદાદા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની વિનંતીથી આદરણીય દિનેશભાઈ ભુવા અને ભવાનજીભાઈ લોડાયાએ કરાવેલી પાવન વિધિઓના સમન્વયથી જ એ સમુહ પહેડી આપણી તવારીખમાં સુવર્ણાક્ષરે અંકિત થઇ શકી. સંપુર્ણ સમુહ પહેડીનું સંચાલન શ્રી નરેન્દ્રભાઈ નંદુએ અસરકારક રીતે કર્યુ હતું. તેમના પ્રભાવથી દાન તો એકઠું થયું જ, સાથે સાથે આવતા વરસે યોજાનારી ત્રીજી સમુહ પહેડી માટે દસ દાતાઓ પણ અત્યારથી તૈયાર થઇ ગયા છે.

દાદાની સમુહ પહેડી પ્રસંગે આટલી મોટી સંખ્યામાં આપણા જ્ઞાતિજનો એકઠા થયા એ તો એક રેકોર્ડ છે જ, સાથે સાથે કેટલાય જ્ઞાતિજનોએ પહેલીવાર અનંતનાથજી કોમ્પ્લેક્સનો વિશાળ પ્લોટ જોયો. આ પ્લોટની અડચણો દૂર થઇને વહેલી તકે આ જગ્યાએ જ્ઞાતી વિકાસ કાર્યોનો પ્રારંભ થઇ જાય એવી આશા આપણે સેવીએ.

નરેન્દ્રભાઇએ આ પ્રસંગે સંગીતમય ભક્તિગીતોની રજૂઆત કરવા ઉપરાંત જ્ઞાતિજનો સમક્ષ એક નવીનતમ રચના પણ રજૂ કરી. આપણા રાષ્ટ્રગીતની ધૂન પર સર્જાયેલા એ ભક્તિગીત સૌને ભાવદરિયામાં હિલોળા લેતા કરી દીધા હતા. એના સાક્ષી બનનાર દરેક જ્ઞાતિજનોને એ ક્ષણો સદા યાદ રહેશે. અચલગચ્છસંઘમાં અનેક ધાર્મિક પ્રસંગોએ, અનુષ્ઠાનોમાં નરેન્દ્રભાઇએ અસંખ્ય વખત અનુમોદનીય કામગીરી બજાવી છે. તેમની આગવી શૈલી થકી આવા પ્રસંગોએ ધાર્મિક સુકાર્યો માટે દાતાઓનાં હૃદયમાં એવી સેવાના ભાવ જાગે છે કે દાનનો પ્રવાહ ચોતરફથી વહેવા માંડે છે. આવા આપણા આદરણીય નરેન્દ્રભાઇએ પહેડી સમયે જે આહલેક બોલાવી તેનાથી દાદાના સ્થાનકે સર્જાઇ રહેલા અદ્યતન કોમ્પ્લેક્સ માટે પણ અસાધારણ ફાળો એકઠો થઇ શક્યો.

## ૨૧-૩-૨૦૧૫ના સમુહ પહેડીના લાભાર્થી પરિવારો આ મુજબ હતા

૧. શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણીયા-વડાલા)
૨. શેઠશ્રી કિરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેમ્બુર)
૩. શેઠશ્રી મણીકાંત હીરજી ધુલ્લા (જખૌ-મુલુંડ)
૪. શેઠશ્રી નરશી જેઠાભાઇ દંડ (વરાડીયા-મલકાપુર)
૫. શેઠશ્રી જયંતભાઇ ભવાનજી સોની (સુથરી-જુહુ)
૬. શેઠશ્રી શામજીભાઇ નરશી દંડ (સાંધવ-મુલુંડ)
૭. શ્રી ફાઇવ સ્ટાર કેટરર્સ (બાંઢિયા-ભાંડુપ)
૮. શેઠશ્રી દિનેશભાઇ અજાણી (કોઠારા-મુલુંડ)
૯. શેઠશ્રી સંદીપભાઇ લોડાયા (નલિયા-મુલુંડ)

## ૨૦૧૬ના આગામી ત્રીજી સમુહ પહેડીના લાભાર્થી પરિવારો

૧. માતુશ્રી રાજબાઇ લક્ષ્મીચંદ મોતા (લાખણીયા-વડાલા)
૨. શેઠશ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેમ્બુર)
૩. માતુશ્રી તારાબહેન માણેકજી મોતા (રાપર-ઘોટકોપર)
૪. શેઠશ્રી જયંત ભવાનજી સોની (સુથરી-જુહુ)
૫. માતુશ્રી વિજયાબહેન રતિલાલ લોડાયા (બાંઢિયા-નાસિક)
૬. માતુશ્રી નવલબહેન જીવરાજ લોડાયા (બાંઢિયા-નાસિક)
૭. માતુશ્રી નિર્મલાબહેન લક્ષ્મચંદ સોની (સુથરી-મુલુંડ)
૮. શેઠશ્રી ભવાનજી હરશી લોડાયા (રાપર-મુલુંડ)
૯. માતુશ્રી બાયાબાઇ શામજી મોતા (નલિયા-લોનાવાલા)
૧૦. શેઠશ્રી દુષ્યંત પુનમચંદ મૈશેરી (લાલા-થાણા)

આપણા સંસ્કારોમાં વડીલોની પુણ્યસ્મૃતિમાં સુકાર્યો કરવાની પરંપરા છે. માતા-પિતા, દાદા-દાદી સહિત વડીલોની યાદગીરીમાં આપણે દાનધર્મ પણ કરીએ છીએ. ત્યારે શ્રી ભલારાદાદા તો આપણા આદ્યદેવ છે, સર્વોચ્ચ વડીલ છે. તેમના સન્માન અને પૂજ્યભાવમાં લાલપુર સ્થિત કોમ્પ્લેક્સનું નિર્માણ થયું છે. એવામાં આપણે આ કોમ્પ્લેક્સમાં દાતા તરીકે જોડાઇને યોગદાન આપીએ તેનો અર્થ એ થાય કે આપણે તેમના સંતાન તરીકે ઉમદા ફરજ નિભાવી. દાદા આપણી પાસે શ્રદ્ધાના પ્રતીકરૂપે સહકારની સુવાસ માગે છે. આપણે એમને વંદન કરતા આ સુવાસ આપવાની અને પ્રસરાવવાની છે. એટલે તો કોમ્પ્લેક્સની વિવિધ યોજનાઓમાં દાતા તરીકે જોડાવાનો આ અવસર અચૂક ઝડપી લેવા જેવો છે.

હવે થોડી વાત આ અદ્યતન કોમ્પ્લેક્સની કરીએ. દાદાના ભાવિકો માટે, શ્રદ્ધાળુઓ માટે, લાલપુર વિસ્તારના ગ્રામ્યજનોથી માંડીને માનવંતા મહાનુભાવો માટે, સૌના માટે આ અદ્યતન કોમ્પ્લેક્સ ઉપયોગી સાબિત થશે. દેશનાં ધાર્મિક સ્થળોએ શ્રેષ્ઠ સગવડો પૂરી પાડતાં જે જૂજ, ટોપ ક્લાસ અતિથિગૃહો છે તેની ગૌરવશાળી યાદીમાં આ કોમ્પ્લેક્સને સ્થાન મળશે એ નિશ્ચિત છે. આપણી જ્ઞાતિની ધર્મભાવનાનું એ ઝળહળતું પ્રતીક બનશે. એટલું જ નહી, અદ્યતન સુખ-સગવડોથી સુસજ્જ આ આકર્ષક અતિથિગૃહ સેનેટોરિયમ તરીકે પણ ઉપયોગમાં લઈ શકાશે. સૌરાષ્ટ્રના પ્રાચીન ધર્મસ્થળો અને ઐતિહાસિક પ્રવાસન સ્થળો માણવા આવતા જ્ઞાતિજનોમાટે આ અતિથિગૃહ રહેવા માટેનો ઉત્કૃષ્ટ પર્યાય બનશે. હવે અહીંના સેનેટોરિયમમાં અદ્યતન સગવડો થઈ જવાથી યુવાનો અને વડીલ વૃદ્ધો પણ શ્રી ભલારાદાદાના દર્શને આવવા ઉપરાંત બે-ચાર દીવસ રોકાણ કરવા પ્રેરાશે.

કોમ્પ્લેક્સનું પંચાણું ટકા કામ અત્યારે પૂર્ણ થઇ ચૂક્યું છે. બહુ જલ્દી કોમ્પ્લેક્સનું ધામધૂમભર્યા પ્રસંગમાં લોકાર્પણ થશે. તેના સચોટ સંચાલન માટે આપણી જ્ઞાતિમાંથી સક્ષમ અને સમર્પિત સ્ટાફની પસંદગી પ્રક્રિયા ચાલુ છે. એના પછી બાકીનું પાંચ ટકા કામ તેજ ગતિએ પૂર્ણ કરીને કોમ્પ્લેક્સનું લોકાર્પણ થશે.

